ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૦.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૬૩ ટકા



# ગાંધીનગર સિવિલ કેમ્પસમાં વોટર એટીએમનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૨૫
સ્માર્ટ સીટી અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકા તંત્ર દ્વારા પાણીનું એટીએમ મુકવામાં આવ્યું છે. દર્દીઓ તેમજ તેમના સગાઓને સસ્તુ મીનરલ પાણી મળી રહે તે માટે પાણીનું એટીએમ ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ઉભુ કરવામાં આવ્યું છે. ત્યારે ટુંકા સમયમાં આ પાણીના એટીએમનો શુભારંભ કરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલ કેમ્પસની અંદર તંત્ર દ્વારા વોટર કુલર મુકવામાં આવ્યા છે. પરંતુ કેટલાક ઠેકાણે વોટર કુલર ચાલુ ન રહેતા ઉનાળામાં આવતા દર્દીઓ તેમજ મુલાકાતીઓને પાણી માટે વલખા મારવા પડે છે તેમજ પાણી નજીકમાં નહી મળતા મીનરલ પાણીની બોટલ રૂપીયા ખર્ચીને મંગાવવી પડે છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં વોટર એટીએમ દર્દીઓ તેમજ મુલાકાતીઓ માટે આશિર્વાદરુપ સાબિત થશે. પાણીના એટીએમને શરુ કરવા માટેની તમામ કામગીરી મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવનાર છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દ્વારા માત્ર જગ્યા જ આપવામાં આવી છે. ત્યારે દર્દીઓનો તેમજ સગાઓને માત્ર રૂ. ૫ માં એક લીટર મીનરલ પાણી સરળતાથી મળી રહેશે. જયારે એક ગ્લાસ મીનરલ પાણીનો ભાવ અલગ હશે. સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત ગાંધીનગર શહેરમાં પાણીનું એટીએમ મહાનગર પાલિકા તંત્ર દ્વારા સેકટર-૨૧ ખાતે બનાવાયું છે. જેનો લાભ વિવિધ ચીજવસ્તુઓ ખરીદી માટે આવતા નાગરીકો અનો વેપારીઓ લઈ રહ્યા છે. પાણીના એટીએમની સફળતા બાદ તંત્ર અનો પાણીના એટીએમની કંપનીએ સિવિલ કેમ્પસમાં કેન્ટીનની બાજુમાં આવેલ ગાર્ડન ખાતે વોટર એટીએમ ઉભુ કરાયું છે. આ વોટર એટીએમનો કાર્યરત કરવા માટે તડામાર તૈયારીઓ શરુ કરવામાં આવી છે. ટુંક સમયમાં જ વોટર એટીએમનો પ્રારંભ થશે. જયારે વોટર એટીએમનું સંચાલન મનપા તંત્ર તેમજ કંપની દ્વારા કરવામાં આવશે. જયારે મનપા તંત્ર દ્વારા દર્દીઓ તેમજ મુલાકાતીઓ મોટી સંખ્યામાં લાભ લે તેવા ઉમદા હેતુથી વોટર એટીએમ સિવિલ કેમ્પસ ખાતે ઉભુ કરાયું છે.




# નવા ગાંધીનગરમાં મકાનના ભાડા ગગડયા

## શહેરમાં રહેણાંક વિસ્તારમાં મકાનો ભાડુઆત વગર ખાલીખમ : અગાઉ મકાન માટે દલાલો માલિકને ફોન કરતા હતા પરંતુ હાલ મકાન માલિકોએ દલાલોને ફોન કરવાનો વારો આવે છે

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર શહેરમાં છલ્લા ૩ વર્ષના સમયગાળામાં રહેણાંક મકાનોના ભાડા આસમાને પહોંચ્યા હતા. મકાન માલિકો પોતાના મકાનનું મન મુજબનું તગડું ભાડુ વસુલ કરતા હતા. ગરજના માર્યા ભાડુઆતો ભાડુ પણ ચુકવતા હતા પરંતુ છેલ્લા બે માસથી શહેરના મોટાભાગના રહેણાંક વિસ્તારોમાં મકાનો ભાડુઆત વગર ખાલીખમ પડયા છે જેથી આસમાને ગયેલા મકાનના ભાડા ખૂબજ ગગડી ગયા છે. હાલ ગાંધીનગરના મકાનમાલિકો ભાડુઆતની રાહ જોઈ રહ્યા છે.

ગાંધીનગર શહેર વર્ષોથી સ્પર્ધાત્મક પરીક્ષાનું હબ રહ્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી સંખ્યાબંધ સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસ ધમધમી રહ્યા છે. જે ધમધમાટ વચ્ચે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરવા ઈચ્છુક યુવાનો રાજયભરમાંથી ગાંધીનગર શહેરમાં ઉમટી પડયા હતા.

મોટી સંખ્યામાં ગાંધીનગરમાં કલાસ કરવા આવેલા યુવાનોની સંખ્યામાં ઉછાળો આવતા રહેણાંક મકાનમાં ભાડુઆતની માંગ પણ વધવા લાગી હતી જેથી મકાન માલિકો પણ તકનો લાભ લઈ ભાડામાંથી રળી લેવાના ઈરાદે ઉચું તગડુ ભાડુ ભાડુઆત પાસેથી લઈ રહ્યા હતા. છેલ્લા ઘણા સમયથી તો ગાંધીનગરમાં ભાડાનું મકાન લેવા ભાડુઆતોએ દલાલો સામે લાચાર બની જવું પડતું હતું અને મકાન ભાડે લેવા એક ભાડુ દલાલી પણ આપવી પડતી હતી.

શહેરમાં ભાડાના મકાનો જ ન રહેતા શહેરમાં ઠેર ઠેર પેઈન ગેસ્ટ પણ ખુલવા માંડયા છે. જેમાં રહેવા-ખાવાની સુવિધાઓ આપવામાં આવે છે પરંતુ છેલ્લા ૨ માસથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા ગાંધીનગર આવતા યુવાનોની સંખ્યા નહીવત બની ગઈ છે. જેથી સ્પર્ધાત્મક પરીક્ષાની પ્રવૃત્તિ સાથે જોડાયેલા ધંધા એકમોને માઠી અસર થવા પામી છે. શહેરના સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસીસ, પીજી, ભાડાના મકાન અને ખાણીપીણી હાલ ખાલીખમ થઈ ગયા છે. આ ઉપરાંત ટૂંકા ગાળામાં જ શરુ થયેલી ઘણી બધી લાયબ્રેરી પણ બંધ થવાના આરે છે.

રાજયભરના વિવિધ જિલ્લામાંથી ગાંધીનગરમાં સરકારી નોકરીની તૈયારીઓ કરવા આવતા યુવાનોએ હાલ પોતાના વતનની વાટ પકડી લેતા ગાંધીનગર હાલ વિદ્યાર્થી વિનાનું બની ગયું છે. તૈયારી કરવા આવતા યુવાનોની સંખ્યામાં એકાએક ઘટાડો થતા હાલ સેકટર-૨, ૩, ૪, ૫ ૬, ૭, ૮, વાવોલ, કુડાસણ, સરગાસણના રહેણાંક મકાનો તથા પી.જી. ભાડુઆતો વગર ખાલીખમ બન્યા છે. થોડા મહિનાઓ અગાઉ ગાંધીનગરમાં એક પણ ભાડાનું મકાન ખાલી મળવું મુશ્કેલ હતું. પરંતુ હાલ મોટા ભાગના ભાડાના મકાન ખાલીખમ રહેતા હવે મકાન માલિકોને મોટી ભાડાની રકમ બંધ થઈ ગઈ છે. પહેલા દલાલો ફોન કરી મકાન માલિકને મકાન ખાલી છે કે કેમ તેમ કહેતા હતા પરંતુ હાલ મકાન માલિકો મકાન ખાલી હોવાથી રોજ દલાલોને ભાડુઆત લાવો તેવા ફોન કોલ કરી રહ્યા છે. હવે મકાનમાલિક ભાડુ ઓછું કરીને પણ પોતાના મકાન ભાડે આપી રહ્યા છે.

# એલઆરડી પરીક્ષા રદ કરવા થયેલી પીટીશન હાઈકોર્ટે ફગાવી

ગાંધીનગર, તા.૨૫
લોકરક્ષક દળની પરીક્ષા રદ કરવા બે દિવસ અગાઉ પાંચ ઉમેદવારોએ ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી હતી. જે પીટીશનને આજે ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટના આ નિર્ણયથી હવે પરીક્ષાના પરિણામ માટેનો રસ્તો સરળ બનશે.

૨ ડિસેમ્બર ૨૦૧૮માં રાજયભરમાં ૯ હજાર પોલીસ લોકરક્ષક દળની પરીક્ષા યોજાવાની હતી પરંતુ પરીક્ષાના માત્ર ૧ જ કલાક અગાઉ પરીક્ષાનું પેપર લીક થતા આખી ભરતી પરીક્ષા રદ કરવાનો વારો પોલીસ ભરતી બોર્ડને આવ્યો હતો. ભારે ચર્ચીત પેપરલીક કાંડનું કલંક ભૂંસવા માટે પોલીસ ભરતી બોર્ડે એક માસના ટૂંકા ગાળામાં જ ભરતીની પરીક્ષાની નવી તારીખ જાહેર કરી રાજયભરમાં ૬ જાન્યુઆરીએ પરીક્ષા લીધી હતી.

આ પરીક્ષામાં પણ પોલીસ ભરતી બોર્ડ દ્વારા ફરી મોટો પરીક્ષામાં છબરડો થયો હતો કેટલાક ઉમેદવારોને ઉત્તરવહીમાં બારકોડેડ સ્ટીકર તેમજ પ્રશ્નત્ર કોરા હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી જે મામલે ૨ દિવસ અગાઉ ગુજરાત હાઈકોર્ટમાં પાંચ ઉમેદવારોએ સમગ્ર ભરતી પરીક્ષા રદ કરવા પીટીશન દાખલ કરી હતી. જો કે આજે ગુજરાત હાઈકોર્ટે પોલીસ લોક રક્ષક દળની પરીક્ષા રદ કરવાની પીટીશન કોર્ટે ફગાવી દીધી છે. હવે ટૂંકા દિવસોમાં જ આ ભરતીનું પરિણામ જાહેર થવાની સંભાવના પણ થઈ રહી છે.



સ્વચ્છ ભારત મિશનના સ્લોગનને સાબિત કરતું ચિત્ર આજે ગાંધીનગર શહેરની સેકટર-૭ સ્થિત સરકારી પ્રાથમિક શાળાના ભૂલકાઓએ રજુ કર્યું હતું. શાળાના નાનકડા ભૂલકાંઓએ શાળા સંકુલની સફાઈ કરી સ્વચ્છ ભારત અભિયાનમાં પોતાનું નાનકડું યોગદાન આપ્યું છે. સેકટર-૭ની પ્રાથમિક શાળામાં ૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વની ઉજવણીના ભાગરુપે આ સફાઈ કાર્ય બાળકોએ જાતે જ કર્યું હતું.

# સરઢવમાં વરલી મટકાનો જુગાર રમાડતા બે ઝડપાયા

## પેથાપુર પોલીસે સાત હજારના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૨૫
પેથાપુર પોલીસ ગઈકાલે સરઢવ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ટીમને બાતમી મળી હતી કે સરઢવ ખાતે ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડી ખુલ્લેઆમ વરલી-મટકાનો જુગાર રમાડી રહેલા બે શખ્સોને દબોચી લીધા હતા. પોલીસે રૂ.૭૧૧૦ના મુદ્દામાલ સાથે બંને શખ્સોની ધરપકડ કરીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી. એનૂરકારની ટીમ ગઈ કાલે ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ પ્રદિપસિંહને બાતમી મળી હતી કે સરઢવ ખાતે અયોધ્યાપુરી સોસાયટી પાસે અર્પિત પટેલ નામનો શખ્સ વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. આ બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમે બાતમીના સ્થળે દરોડો પાડીને સ્થળ પરથી વરલી મટકાના આંકડા લખેલો ચોપડો તથા રોકડ રૂ.૧૧૧૦ સહિત કુલ રૂ.૭૧૧૦ની કિંમતના મુદ્દામાલ સાથે બે શખ્સોને પકડી પાડ્યા હતા. પોલીસે સરઢવના અર્પિત રમેશ પટેલ અને વિષ્ણુ મફત પટેલની ધરપકડ કરી અર્પિતની પુછપરછ કરતા બહાર આવ્યુ છે કે તે જે વરલી મટકા જુગાર રમાડી રહ્યો હતો તે વરલીનું કટીંગ ઉવારસદ અશ્વિન રાવળ પાસે કરાવતો હતો. પેથાપુર પોલીસે તેની સામે પણ ગુનો દાખલ કરીને બંને શખ્સોને દબોચી લીધા હતા.

# રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર શહેરના જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્ટાફના કર્મચારી ભાઈ બહેનોએ પ્રતિજ્ઞા લીધી હતી કે અમે અમારા દેશની લોક તાંત્રિક પરંપરાઓની અને મુકત, ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચુંટણીઓની ગરીમાં જાળવીશું તેમજ દરેક ચુંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું.

# અડાલજ પાસે કારની ટક્કરે બાઈક સવાર બે યુવાનોના મૃત્યુ

## અડાલજ માણેકબા સ્કુલની સામે બનેલી ઘટના : માણેકબા સ્કુલની ઈન્ડીકા ગાડીએ બાઈકને ટક્કર મારી : અડાલજ પોલીસે કાર કબ્જે લઇ આરોપીની શોધખોળ આરંભી

ગાંધીનગર, તા.૨૫
અડાલજ ખાતે આવેલી માણેકબા સ્કુલની સામે ગઈ કાલે સાંજે સ્કૂલની ઈન્ડીકા ગાડીથી એક બાઈક સાથે અકસ્માત સર્જાયો હતો. મંડપ ડેકોરેશનમાં મજુરી કામ કરતા બે યુવાનો બાઈક લઈને સ્કૂલની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્કૂલની ઈન્ડીકા ગાડી એ આ બાઈકને ટક્કર મારતા બંને યુવાનો ગંભીર રીતે ઘવાયા હતા. જેમાં એક યુવાનનું ઘટનાસ્થળે કરૂણ મૃત્યુ થયું હતું જ્યારે બીજા ઘાયલ યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતુ. બબ્બે યુવાનોને મોતને ઘાટ ઉતારી માણેકબા સ્કુલની ગાડીનો ચાલક ગાડી મુકીને ફરાર થઈ ગયો હતો. અડાલજ પોલીસે ગાડી કબ્જે લઈ તેના ચાલક સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામથી ઉવારસદ જતા રોડ પર પેટ્રોલપંપની પાછળ ખેતરમાં રહેતાં દિનેશભાઈ સોમાજી ભીલે અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમનો ૨૮ વર્ષિય નાનો ભાઈ ઈદારામ પેથાપુર ખાતે તેના ૩૦ વર્ષિય મિત્ર ખિમારામ ભીલ સાથે મળી મંડપ ડેકોરેશનની છુટક મજૂરી કરતો હતો. બંને ગઈ કાલે સાંજે સાડા ચાર વાગ્યાના અરસામાં બાઈક પર અડાલજની માણેકબા સ્કૂલના ગેટ સામેથી પસાર થતા હતા ત્યારે જીજે ૦૧ કેડી ૮૧૯૨ નંબરની કારના ચાલકે બાઈકને જબરદસ્ત ટક્કર મારી હતી. આ ઘટનાને પગલે દોડી આવેલા રાહદારીઓએ ગંભીર રીતે ઘાયલ બંને યુવકોને તાત્કાલિક ગાંધીનગર સિવિલ ખસેડયા હતા. જ્યાં ફરજ પરના ડૉક્ટરે ઈદારામ ભીમને મૃત જાહેર કર્યો હતો. જ્યારે ખીમારામની પ્રાથમિક સારવાર બાદ અમદાવાદ સિવિલ ખસેડ્યો હતો. મોડી રાત્રે સારવાર દરમિયાન તેનું પણ મૃત્યુ નિપજ્યું હતું. અકસ્માત બાદ ચાલક કાર મુકીને ફરાર થઈ ગયો હતો. જેને પગલે અડાલજ પોલીસે કારના ચાલક સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. કેસની વધુ તપાસ અડાલજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી. યુ. રાઠોડને સોંપાતા તેમને ફરાર કાર ચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૫
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર તેમજ અર્બન હેલ્થ સેન્ટર સેકટર-૨ ના સંયુકત ઉપક્રમે નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન સે-૨ ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે તા.૨૭મી જાન્યુઆરી ૨૦૧૯ રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન કરવામાં આવ્યું છે.આ કેમ્પમાં નગરના વિવિધ રોગોના નિષ્ણાંત તબીબો નિદાન કરી માર્ગદર્શન પુરૂ પાડશે. તો આ કેમ્પનો નગરજનોને મોટી સંખ્યામાં લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.

# નવી ભોજન પ્રથા અંગે ફ્રી સેમીનાર યોજાશે

ગાંધીનગર, તા.૨૫
નવી ભોજન પ્રથા (કાચું સાચું) અંગે ફ્રી સેમીનાર તા. ૨૬ જાન્યુઆરીને શનિવારના રોજ બપોરના ૩ થી ૫ કલાક દરમિયાન સી.એ.ઠક્કર એન્ડ એસોસીએટસ સુપર મોલ-૧ દુકાન નં. ૪૩૫-૪૩૬ ખાતે નિષ્ણાંત વકતા અમરીશ પટેલ ભોજન પ્રથા અંગે વકતવ્ય ઉપસ્થિત મહેમાનોને પુરું પાડશે. નિરોગી અને સ્વસ્થ જીવન જીવવાની સંપૂર્ણ જાણકારી મેળવવા નગરજનોને હાજર રહેવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. અશોકભાઈ મહેન્દ્રભાઈ ભટ્ટ, ઉ.વ. ૬૮

# હવે ટ્રાફિક સિગ્નલોને અનુસરીને જ વાહન હંકારવું પડશે

## શહેરના દરેક સર્કલે ટ્રાફીક સિગ્નલ શરૂ કરવા તંત્રની તડામાર તૈયારીઓ, હાલમાં ચ-૫, ચ-૩ અને ઘ-૩ સર્કલે સાંજે સિગ્નલો થકી ટ્રાફીકનું નિયમન

ગાંધીનગર, તા.૨૫
શહેરમાં દિન પ્રતિદિન વધી રહેલી ટ્રાફીક સમસ્યાને કાબુમાં લેવા તંત્રએ શહેરના દરેક સર્કલે ટ્રાફિક સિગ્નલ શરુ કરવા તડામાર તૈયારીઓ આરંભી દીધી છે. જેમાં હાલ ભરચક ટ્રાફીક રહેતા ચ-૫, ચ-૩ અને ઘ-૩ સર્કલે તો સિગ્નલો કાર્યરત કરી ટ્રાફીક નિયમન શરુ કરી દીધું છે. જો કે શહેરમાં જયાં જરૂર જણાય ત્યાં આ ટ્રાફીક સિગ્નલ શરુ કરી વાહનોના આડેધડ હંકરવા ઉપર અંકુશ લાવવા પ્રયત્નો શરુ કર્યા છે. જેથી હવે વાહનચાલકોએ ટ્રાફિક સિગ્નલોને અનુસરીને જ વાહન હંકારવું પડશે તે જરુરી બન્યું છે.

શહેરના તમામ સર્કલો સહિત જરૂર જણાય તે સ્થળે તંત્રએ ટ્રાફિક સિગ્નલો ઉભા કરવા શરુ કર્યા છે. ટુંક સમયમાં સમગ્ર શહેરમાં સિગ્નલો થકી જ ટ્રાફિક નિયમન શરુ થઈ જશે તેવું તંત્રની કામગીરી ઉપરથી લાગી રહ્યું છે. શહેરમાં આવેલ સચિવાલય ખાતે મોટી સંખ્યામાં કર્મચારીઓ ફરજ બજાવે છે તે સિવાય અન્ય કચેરીઓ પણ આ માર્ગ ઉપર આવેલી છે તેથી સવારે કચેરીએ પહોંચવા અને સાંજે ઘરે પરત જવા આ માર્ગ ઉપર ભારે ટ્રાફિક સમસ્યા સર્જાય છે જેમાં ચ-૩ ઉપર સમસ્યા વધુ જોવા મળે છે જેથી તંત્રએ હાલ વધુ ટ્રાફિક સમસ્યાવાળા ચ-૩, ચ-૫ અનેઘ-૩ સર્કલે સાંજના સમયે ટ્રાફિક સિગ્નલ થકી નિયમન શરુ કરી દીધું છે.

શહેરમાં વધતી જતી વાહનોની સંખ્યા અને જાહેર વાહન વ્યવહાર વ્યવસ્થાના ઓછા ઉપયોગથી મોકળાશવાળા માર્ગો પણ વાહનોથી ભરચક બની ગયા છે. જેથી ભવિષ્યમાં વિકરાળ ટ્રાફીક સમસ્યા ઉભી થાય તે પહેલાં તંત્રએ શહેરના વાહનચાલકોને ટ્રાફિક સિગ્નલની ટેવ પડે તે જરુરી સમજી હાલ આ દિશામાં કાર્ય કરવાનું મુનાસિબ માન્યું છે. જો કે દરેક સિગ્નલે બે મિનિટનું વેઈટીંગ હોવાથી વાહનચાલકોએ હવે કઈ પણ કામ સારું દસ મિનિટ વધુ ફાળવવી પડશે તે નિશ્ચિત બન્યું છે. શહેરના અવિરત વિકાસ અને રોજગાર-ધંધાના વધેલા વ્યાપક સ્તોત્રથી શહેર વાહનોની અવરજવરથી ધમધમતું રહે છે જેનું નિયમન હવે અનિવાર્ય બન્યું છે તે તંત્રની કામગીરી ઉપરથી લાગી રહ્યું છે.

